
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## નમ્રતા

સર્વ ગુણોમાં નમ્રતા, નિરભિમાનતા, એ મુખ્ય ગુણ છે, એ ન ભૂલશો. જેનો રસકસ સૂકાઇ ગયો છે, એવાં સૂકાં ઝાડ હંમેશાં અક્કડ બનીને ઉભા રહે છે, પણ જેમનામાં રસ છે, જે પ્રાણી માત્રને મીઠાં-પાકાં ફળ આપે છે, તે તો નીચા નમીને જ પોતાની ઉત્તમતા પૂરવાર કરે છે. નમ્રતાથી શરમાવાનું નથી. કોઇ ગાળ દે, અપમાન કરે, તો પણ આપણે ફળથી ઝૂકેલાં આમ્રતરુની જેમ સર્વદા નમ્રીભૂત બનીને લોકોપકાર કરવો.

—શ્રી વિજયાનંદસૂરિ

પુસ્તક ૫૮
અંક ૨

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

માગશર
સં. ૨૦૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | કાવ્ય | | |
| ૨ | સહુનો સખા! | બાપુલાલ કાળિદાસ સંઘાણી | ૧૭ |
| ૩ | અવળો વેપલો | ,, | ૧૮ |
| ૪ | દુઃખને આવવાની રજા નથી! | બાલચંદ્ર હીરાચંદ | ૨૦ |
| ૫ | સાચી વિદ્યા. | મુનિ શ્રી લક્ષ્મીસાગરજી | ૨૨ |
| ૬ | પારકાના દુઃખથી દુઃખી થઈશ | બાલચંદ હીરાચંદ | ૨૪ |
| ૭ | વર્ણકો અને વર્ણનો | પ્રો. હીરાલાલ રસીકદાસ | ૨૭ |
| ૮ | સુખ પ્રાપ્તિ અને ઉન્નતિનો માર્ગ | શ્રી કેદારનાથજી | ૩૨ |


## પૂજા ભણાવવામાં આવી

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. શ્રી મૂળચંદજી મહારાજ ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગશર વદી ૬ ને શુક્રવારના રોજ અત્રેના શ્રીદાદા સાહેબ જિનમંદિરમાં સવારે ૧૦ કલાકે શ્રી આત્મવલ્લભકૃત પંચપરમેષ્ટીની પૂજા ભણાવી દેવ ગુરુ ભક્તિ કરી પુણ્ય તિથિ ઉજવવામાં આવેલ તેમજ આંગી રચના કરવામાં આવેલ. આ પ્રસંગે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય સદ્‌ગૃહસ્થોએ સારા પ્રમાણમાં લાભ લીધેલ.


## અવસાન નોંધ

અત્રેની શામળદાસ કોલેજમાં બી. એ. માં અભ્યાસ કરતા ભાઈ ભાસ્કર ગુલાબચંદ શાહનું તા ૨૨-૧૧-૬૦ ને મંગળવારના રોજ ૨૨ વર્ષની નાની વયે ખેદજનક અવસાન થયું તેની અમે ઊંડી દિલગીરી પૂર્વક નોંધ લઈએ છીએ

સ્વ. ભાઈ ભાસ્કર શાંત સ્વભાવના સારી ધાર્મિક વૃત્તિવાળા અને વિદ્યા તરફ પ્રેમ ધરાવતા હતા. તેમના અવસાનથી તેમના કુટુમ્બીજનો પર આવી પડેલ દુઃખ પ્રત્યે અમે સમવેદના દર્શાવીએ છીએ. અને તેમના આત્માને ચિરસ્થાયી શાંતિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૮ મું ] માગશર તા. ૧૫-૧૨-૬૦ [ અંક ૬

जन्मद व्यर्थां नीतं
भवभोगोपलिप्सया ।
काचमूल्येन विक्रीतो
हन्त चिन्तामणिर्मया ॥

ઉપજાતિ

કાઢયો વૃથા મેં નરજન્મ મારો, શોધી ન લીધો કંઈ સાર સારો;
સંસારનો ભોગ સદૈવ ભાવ્યો, ચિંતામણી કાચમૂલે ગુમાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સહુનો સખા !

( કલ્યાણમંદિર ગા. ૨૫ મી ઉપરથી )

આભ ભરંતા ઘેરા નાદે દેવનગારાં વાજે,
કહે "જગતનાં ઓરે ચેતન ! સાદ એકએ સુણજે;
આળસ છાંડી અરિહંતને એક દિલથી ભજજે,
મોક્ષ નગરની વાટે જાતાં સહુનો સદા સખા, જે." ૧

# અર્પણ ફુલ બન !

(ભકતામર ગા. ૧લી ઉપરથી)

શરણ્યભાવથી અમરવૃંદના નમતા દેવમુગુટને,
આતમ તેને કરે પ્રકાશિત પીંખે પાપ તિમિર ઘનને;
તે દાદાનાં ચરણ-યુગલનું અર્પણ ફૂલ બનને,
અવલંબન અરિહંતનું ભવકુપે પડતા આતમને. ૧

# પ્રાર્થના !

( " સંસાર દાવાનળ "—પહેલી ગાથા ઉપરથી )

જલતા સંસારમાં મેઘ બની વરસી જા વાલ્યમા !
વિભ્રમની ધુળને વાયુ બની વેરી જા વાલ્યમા !
જડતાની જાડચને શસ્ત્ર બની છેદી જા વાલ્યમા !
ગિરિ શા ધીર એ વીર-પગે લેટી જા વાલ્યમા ! ૧

# સિદ્ધિ આપો

( "લોગસ્સ"—છેલ્લી ગાથા ઉપરથી )

ચંદ્રથીયે નિર્મળાને સૂર્ય ઝાંખા જે કને,
દિલના દરિયાવ સિદ્ધો આપજો સિદ્ધિ મને ! ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવળો વેપલો

આતમ ! અવળો માંડીને બેઠો વેપલો !
હાં રે તું તો અવળો માંડીને બેઠો વેપલો !

ખારી ધરતીમાં બાંધી ઝૂંપડી,
ખારીમાં કરી અલ્યા ખેત. ૧ આતમ૦

મીઠાં મટકાંને તેં ઢોળી દીયાં,
ખારાંની માંડી વીરા ખેપ. ૨ આતમ૦

સાજનના સંગ કર્યાં વેગળા,
શઠને બનાવી દીધાં શેઠ. ૩ આતમ૦

મુલવે વેપારી મુંઘાં મોતીડાં,
વો'રી અલ્યા આળને પંપાળ. ૪ આતમ૦

જુગટીઓ હારે નાણું જુગટે,
હૈયાનાં હારી બેઠો હીર. ૫ આતમ૦

ધાડ પડેને ધન લુંટતી,
આપે લુંટાવ્યું ધોળે દન. ૬ આતમ૦

આતમ ! અવળો માંડીને બેઠો વેપલો !
હાં રે તું તો અવળો માંડીને બેઠો વેપલો !

લે૦:-બાપુલાલ કાળિદાસ સઘાણી "વીરબાલ"-બોરવાડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખને આવવાની રજા નથી !

( ભુજંગપ્રયાત )

ઇહાં દુઃખને આવવાની મના છે
ઇહાં શાંતિ માંગલ્ય કાર્યો શરૂ થાય છે
ઈહાં આત્મચિંતા વિના અન્ય કોઇ
વિચારો ન આવે, કરી છે મનાઇ. ૧

ઈહાં તત્વચર્ચા સુખાનંદ ચાલે
વિસંવાદ નાઠો ઇહાં મોહ મ્હાલે
ઈહાં વીર ને ઇંદ્રભૂતિ સુચર્ચા
થતી આત્મઆનંદની શુદ્ધ વાર્તા ૨

વિચારો ન આવે ઈહાં અન્ય કોઇ
લગાડયુ ઇહાં પાટિયુ એમ જોઇ
રહો દુઃખ દૂરે કદીએ ન આવો
નિજાનંદમાં ખંડ કોઇ ન થાઓ. ૩

અહો બાહ્ય કર્ણેંદ્રિયો બંધ કીધા
અને બાહ્ય નેત્રેંદ્રિયો ખાસ રોધ્યા
રહ્યો એક જ્ઞાનૈકયનો જે સુવાસ
વિકલ્પો ગયા સર્વ દુર્ભાવ ખાસ. ૪

થયો એક સદ્‌ભાવનો સુપ્રકાશ
હશે ના તિહાં મોહ અંધાર લેશ
હવે એહ આત્મા અને બ્રહ્મ મેળો
રહ્યો ભેદ ના કોઈ, અંતે નિહાળો. ૫

અનાત્મા અને આત્માના ભાવ જેહ
પુનર્જન્મ આત્માતણો હોય તેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈહાં સ્વર્ગ ને નર્ક અસ્તિત્વ ચર્ચા
મળે શુદ્ધ આનંદ ને નાન્ય વાર્તા. ૬

ઉઠી જેહ અન્યાન્ય શાસ્ત્રીય શંકા
વિસંવાદ નાઠો બજ્યા મોદ ડંકા
ગુરૂ-શિષ્ય સ્નેહાર્દતા ઐકય ભાવ
વર્ષ્યો આત્મઆનંદ ગંભીર નાદ. ૭

અહો ભાગ્ય જેણે નિહાળ્યો પ્રસંગ
થયો એહ થાશે ન એવો સુચન
અહો વીર જેવા ગુરૂ કયાં ન દીસે
નહીં ઇંદ્રભૂતિ સમા શિષ્ય હોશે ૮

થયો સંશયોચ્છેદ આત્મૈકય જ્ઞાન
તિહાં દુઃખ કયાંથી વસે મોહ માન
કરો છે ઇહાં દુઃખને આવવાની
મનાઇ જિહાં હોય આનંદ ઉર્મિ. ૯

થયો ઐકય માંગલ્ય આનંદ મેળ
મટયો ભેદ નાઠો ગુરૂશિષ્ય ખેલ
કરી તીર્થની સ્થાપના ધર્મઘોષ
બજી મુક્તિઘંટા ગયો સર્વ કલેશ. ૧૦

અહો ધન્ય ધન્ય શ્રી વીર દેવ
ગણાધીપ શ્રી ઇંદ્રભૂતિ સદૈવ
વસે જ્યાં ચિંતા નહીં દુઃખ લેશ
સદા સર્વ આનંદ હો જ્યાં ન કલેશ. ૧૧

કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી વિદ્યા

લેખકઃ—**મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી (પાનસર)**

વિદ્યા તે જ હોવી જોઈએ કે જે ખાસ કરીને મુક્તિને માટે હોવી જોઇએ અને તેવા હેતુથી જ વિદ્યા મેળવવી એ દરેક મનુષ્યની ફરજ છે. પૂર્વ પ્રણાલિકા અને આધુનિક પ્રણાલિકા ઉપર વિચાર કરતા વિદ્યાભ્યાસનો બોજો તેટલા જ પ્રમાણમાં છે બલ્કે વધુ છે છતાં પૂર્વ પ્રણાલિકાથી જે વિદ્યા ગૌરવયુક્ત સંપાદન થતી હતી અને રૂઢ સંસ્કારવાળી બની ઐહિક અને પારલૌકિક સુખદાતા કહેવાતી હતી તે અત્યારના જમાનામાં ઘણે ઓછે અંશે જોવામાં આવે છે અંશે જોવામાં આવે છે. વિદ્યા એ એક અખૂટ ખજાનો છે. કહ્યું છે કે :—

**पूर्वदत्तेषु या विद्या पूर्व दत्तेषुयद्धनम्।**
**पूर्वदत्तेषु या नारी अग्रे तिष्ठति तिष्ठति॥**

એટલે કે–વિદ્યા, ધન. સ્ત્રી વિગેરે પૂર્વ કર્મના પુણ્ય કર્માનુસાર મળી શકે છે, એ વાસ્તવિક છે છતાં અત્યારના જમાનાને અનુસરી આ બાબતમાં માતા-પિતાને વિદ્યા ભણાવવામાં મુખ્ય કારણભૂત ગણીએ તો તેમાં નવાઈ જેવું નથી. કેમકે माता शत्रुः पिता बैरी येन बालो न पाठिताः। न शोभते सभा मध्ये हंस मध्ये बको यथा॥ મતલબ કે બાળકોને ઘરમાં સારા સંસ્કાર આપી અભ્યાસમાં ઉત્સાહવંત બનાવવા એ પહેલી ફરજ તે માતાપિતાની છે અને જો તેમ ન થાય તો માતા શત્રુ અને પિતા વૈરી ગણાય છે. વળી જ્યારે પોતાના પુત્રો તથા બાલિકાઓને ધાર્મિક કેળવણી રહિત રાખવાથી તેમની યોગ્ય વય થતા પ્રસંગોપાત હંસની સભામાં જેમ બગલો શોભે નહિ તદનુસાર તેમની પણ સ્થિતિ બને છે. વિદ્યારૂપી ધન તે જ ખરૂં હિતકારક ધન છે. કહ્યું છે કે:—

न चोरचोर्यं नच राज्य हार्यं, न भ्रातृभाज्यं नच भारकारी।
व्यये कृते वर्धत एव नित्यं, विद्याधनं सर्व धन प्रधानम्॥

સારાંશમાં કહેવાનું એટલું જ છે કે વિદ્યારૂપી ધન એ પેટીમાનું ધન નથી કારણ કે સંચય કરેલું ધન ક્રમે ક્રમે વાપરતાં ઓછું જ થાય છે પણ આ વિદ્યારૂપી ધન તેવું નથી. પેટીનું ધન ચોર પણ કોઇક દિવસે ચોરી શકે છે. પરંતુ આ ધન એવું છે કે ચોર વડે ચોરાતું નથી. રાજકારણમાં હરી જવાતું નથી. ભાઈઓ પણ જે ધનમાં ભાગ પડાવી શકતા નથી અને જે ધનનો બોજો પણ ઉપાડવો પડતો નથી તેમ જ વાપરવાથી વધતું જ રહે છે. આવું વિદ્યારૂપી ધન તે જ ખરેખર ધન છે. વિદ્યા એ કોઇ અદ્ભુત વસ્તુ છે. કેમકે વિદ્વાન્ માણસ રાજાથી પણ શ્રેષ્ઠ છે. કહ્યું છે કે

विद्वत्त्वंच नृपत्वंच, नैव तुल्यं कदाचन।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते॥

વિદ્વાન્પણું અને રાજાપણું કદી પણ સરખાં નથી કેમકે રાજા પોતાના દેશમાં પૂજાય છે પરંતુ વિદ્વાન્ માણસ તો બધી જગ્યાએ પૂજાય છે. માટે વિદ્યા કેવી સંપાદન કરવી તે બાબત ઉપર હવે આવીએ. પ્રથમ તો દરેક મનુષ્યે ધાર્મિક કેળવણી લેવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**धर्मस्य हि सहायेन तमस्तरति दुस्तरम्–** ધર્મની સહાયાતાવડે ઘોર અંધકાર (એટલે બુદ્ધિમાં રહેલ જડતા) ઓળંગી શકાય છે. અને તેથી જ બુદ્ધિની *નિર્મલતા પ્રાપ્ત* થાય છે. આ સ્થળે ભક્તામર સ્તોત્રનું એક પદ મૂકીશ તો તે અસ્થાને નહિ ગણાય. શ્રી માનતુંગસૂરિજી મહારાજે પણ વર્ણવ્યું છે કે–**बुध्या-विनाऽपि विबुधार्चितपादपीठ, स्तोतुं समुद्यतम-तिर्विगतत्रपोऽहम्** મતલબ કે બુદ્ધિ વગરનો છું, છતાં પણ લજ્જા રહિતપણે આપની સ્તુતિ કરવા પ્રેરાયો છું. આ ઉદ્દગાર એ ધર્મની સહાયતાનું ભાન કરાવે છે. આથી માનતુગંસૂરી મહારાજ વિદ્વાન ન હતા એમ સમજવું નહિ પણ એમની ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા હતી. સ્તોત્ર બનાવવામાં પ્રભુની સહાયતા માગી બુદ્ધિનું સર્વોત્કૃષ્ટપણું ચાહતા હતા તેમ જ પોતાની કૃતિમાં દિવ્યતત્વ દાખલ કરવા માટે આ પ્રકારની તેમની વાણી હતી. આ બધી બાબતનો વિચાર કરતા પ્રથમ ધાર્મિક વિદ્યાગ્રહણ કરવી એ મુખ્ય છે અને ત્યારબાદ સામાજિક અને નૈતિક આમ ત્રણ પ્રકારના વિદ્યાભ્યાસની મનુષ્યને જરૂર છે.

ધાર્મિક, સામાજિક અને નૈતિક આમંત્રણ પ્રકારનો વિદ્યાભ્યાસ એ જ વાસ્તવિક છે, હવે સામાજિક અને નૈતિક બાબત પર થોડું કહું છું કે–સમાજમાં સમય પરત્વે સુધારા કરી કુરિવાજો ન પેસે અને સમાજની ધોંસરી ક્લેશ અને ઝઘડાના વેગથી ઘસાઈ નાશવંત ન બને તે માટે સદા કોશીશ કરવી એ જ મોટામાં મોટી સામાજિક વિદ્યા મેળવી ગણાય. તેમાં પણ ખાસ નૈતિક વિદ્યાનું અવલંબન કરવામાં આવે તો જ સામાજિક વિદ્યાનો અભ્યાસ દ્રઢીભૂત બને. બાકી નીતિને એક બાજુ મુકી આપખુદી પ્રમાણે વર્તન ચલાવવાની જો બુદ્ધિ માત્ર પણ હોય તો તેથી જ સામાજિક કેળવણીમાં મોટું વિઘ્ન નડવા સંભવ તેમ છે. ત્રણ પ્રકારની વિદ્યા જો યથાર્થ સંપાદન થાય તો જ. सा विद्या या विमुक्तये—એ પદની સમાલોચના યથાર્થ થઇ ગણાય. વળી વિદ્યા એ એક ઉત્તમ આભૂષણ બની પહેરનારને સારી રીતે શોભાવે. કહ્યું છે કે—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वलाः ।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ।
वाण्येका समलं करोति पुरुषं या सस्कृता धार्यते ।
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

સોનાના ઘરેણાં–હાર–માળા વિગેરે કાળે કરી ઘસાઇ જાય છે પણ વિદ્યારૂપી જે ઘરેણું તે કદી ઘસાઇ જશે નહિ તેથી વિદ્યા એ જ સાચું ભૂષણ છે.

વિદ્યા એ પુરુષનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રૂપ છે. ઢાંકેલું ગુપ્ત ધન છે. વિદ્યા વધે છે, એ ભાઇની ગરજ સારે છે. વિદ્યા એ ઉત્તમમાં ઉત્તમ દેવ છે. વિદ્યા રાજમાં પૂજાયેલ છે. ધન પૂજાએલું નથી માટે વિદ્યા વગરનો માણસ એક પશુ જેવો જ છે. જેથી વહાલા વાંચકો સુવિદ્યા પ્રાપ્ત કરી ઐહિક અને પારલૌકિક–સુખને મેળવો અને હમેશા વિદ્યા ભણવામાં ઉત્સાહી બની તમારી જિન્દગી સાર્થક કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારકાના દુઃખથી દુઃખી થઇએ

( લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ. )

આ જગતમાં સુખ અને દુઃખની જોડી છે. એકાંત સુખ કે એકાંત દુઃખ જ ચાલુ રહે તો માનવનુ જીવન અસહ્ય થઈ પડે. એકાંતે સુખ તો મુક્તિમાંજ હોય અગર એકાંત દુઃખ તો નરક લોકમાંજ હોય તેમાં પણ તીર્થંકર ભગવંતોના કલ્યાણક પ્રસંગે અંશતઃ સુખના પ્રસંગો આવી જ જાય છે. દુઃખ એ વસ્તુ આપણી પોતાની હોય છે. અને સુખ પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાય છે. આપણા પોતાના દુઃખથી આપણે અશાતાનો અનુભવ મળે છે અને તે આપણે ઇચ્છાએ કે અનિચ્છાએ ભોગવવોજ પડે છે. તેમાં બીજાઓનો હીસ્સો હોતો નથી. તો એ દુઃખ ભોગવવા માટે ખાસ પ્રયત્નો કરવા પડતા નથી. પણ પારકાનું દુઃખ અને તેની વેદના જોઈ જો આપણું મન દ્રવિત થાય તો તે વસ્તુ વર્ણન અને અનુકરણ કરવા યોગ્ય ગણાય.

કોઇ એમ શંકા કરે કે, પારકાના દુઃખમાં આપણે સામેલ થઈ વગર કારણે દુઃખનો અનુભવ લઇએ એનો અર્થ શો ? પારકાના દુઃખથી આપણે કારણ વગર દુઃખી થવું એતો વગર કારણે દુઃખી થવા જેવું થયું. એના જવાબમાં કહેવુ પડશે કે, એ કાર્યમાં આપણા મનને સાચો આનંદ અનુભવવા મળે છે. અને સાથે પુણ્ય બંધાય એ વધારામાં લાભ છે.

ધારોકે આપણે રસ્તે જતા હોઇએ અને કોઇ બાલક ઠોકર વાગી પડી જાય અને રડવા માંડે ત્યારે તેની મદદે આપણે દોડી જઇએ. અને એ બાલકના દુઃખ માટે આપણે દુઃખ વેઠીએ, ત્યારે એના પરિણામે શું થાય ? એ બચ્ચાને બચાવ્યાનો આનંદ અને સમાધાન આપણે મેળવીએ. અને તેને લીધે આપણે પુણ્ય લાગે કે નહીં ? પુણ્યજ લાગતુ હોય તો એ આપણે શા માટે ખોઇએ ? એક પ્રસંગે આપણે જંગલમાં ભાથુ વાપરવા બેઠા હોઇએ, એવામાં કોઈ ભૂખ્યો અને કંગાલ માણસ આવી ચઢે. અને ખાવા માગે, ત્યારે આપણા ભોજનમાંથી સારો જેવો ભાગ તેને આપી દઇએ, અને અડધી ભૂખ વેઠીએ એમાં આપણે શારારિક દુઃખ તો વેઠવુ પડે. પણ આપણા આત્માને જે આનંદ અને સુખની સંવેદના થાય તે બીજાના દુઃખમાં સહભાગી થવામાં લાભ કે હાનિ ? કેહેવુ પડશે બીજાના આત્માને સુખ આપી તેનું દુઃખ ઓછુ કરવામાં આપણે એકાંતે લાભ જ થાય એમાં શંકા નથી. માટે જ અમો કહીએ છીએ કે બીજાના દુઃખે આપણે દુઃખી થવું એ સાચુ સુખ છે. અને એનાં પરિણામો આ ભવમાં અને પર ભવમાં આપણા સુખમાં પરિણમવાના એમાં શંકા નથી.

પણ આ જગત એવુ છે કે, પારકાના દુઃખમાં ભાગ પડાવનારા ઘણા ઓછા જોવામાં આવે છે **परदुःखेन दुःखिता विरला ।** જાણી જોઇને પારકાના દુખમાં કોણ ભાગ પડાવા તૈયાર થાય ? કોઇ કુતુહલ, આનંદ પ્રમોદ, ઓચ્છવ મહોત્સવ, લગ્ન સમારંભ, ભોજન સમારંભ જેવા પ્રસંગો હોય તો ઘણા દોડી આવે. અને મનમાં વિરોધ હોવા છતાં વાહ વાહ પોકારી એ ઉચ્છવ કરનારના સ્તુતિ સ્તોત્રો ગાયા કરે. એનો અર્થ એટલો જ કે આપણને પણ એમાં સુખ આનંદનો ઉપભોગ કરવા મળે. અર્થાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખમાં સહુ ભાગીદારી નોંધાવે. એવી જગ્યાએ આપણો ભાંડુ નાણાની સંકડાશમાં આવી પડે કે કાયદાની બારીકીનો ભોગ થઈ પડે, ત્યારે બધા સગાઓ પણ તેની સાથે અનહકાર કરી બેસે. અને એવો આપદ્‌ગ્રસ્ત પોતાનો અંગત સગો હોય છતાં એ વસ્તુ ભૂલી જવાય. કોઈ માણસ માંદગી ભોગવતો હોય તેને દવાની અને સારવારની અત્યંત જરૂર હોય ત્યારે એની પાસે ઉભું રહેવા પણ કોઈ તૈયાર ન હોય. જેના ઘરમાં ઘણી વખતે મિષ્ટાન્ન ભોજન કર્યું હોય છતાં એ બધુ ભૂલી જવાય. એ સ્થિતિ શું બતાવે છે? એમાં તો એટલુંજ ફલિત થાય છે કે, આપણે સામાન્ય માનવતા પણ ભૂલી જવાય ત્યારે કોઈને આર્થિક મદદ કરવા કોણ તૈયાર થાય? આર્થિક સંકડામણમાં કે દેવી આપત્તમાં અને શારીરિક વ્યાધિ પ્રસંગે તેના ભોગ બનેલાને મદદ કરવાની જરૂર અને દરેકનું કર્તવ્ય છતાં એમાં આનાકાની કરાય છે એટલા માટેજ પારકાના દુઃખમાં ભાગ પડાવી તેનું સંકટ ટાળનારાની સંખ્યા ઓછી હોય છે એમાં શંકા નથી.

આમ છતા પારકાના દુઃખમાં સહભાગી થનારા લોકો જગતમાં નથીજ એમ તો ન જ કહેવાય. પારકાના સંકટ પ્રસંગે અને તેના દુઃખમાં ભાગિયા થઈ તેનું સંકટ એ પોતાનું જ સંકટ છે એમ માની તેમાં ખડે પગે અને છુટે હાથે મદદ કરનારા સત્પુરૂષો જોવામાં આવે છે. અને આવા કાર્યોની જાહેરાત કરવાનો પણ એમને મોહ થતો નથી. પોતાને કાંઈક જ્ઞાન હોય અને એનો લાભ લેવા કોઈ માગે ત્યારે તેમનો આનંદ વધી જાય છે. અને અગવડો વેઠીને પણ વિદ્યાર્થીને મદદ કરી તેનું અજ્ઞાન ટાળવામાં તેને આનંદ થાય છે. એ સુખ ખરેખર અવર્ણનીય હોય છે. કોઈને યોગ્ય કારણ માટે દ્રવ્યનો ખપ હોય તેવે વખતે કોઈને પણ જણાવ્યા વગર છુપી રીતે દ્રવ્ય પહોંચાડી આપે એવા જનો આ જગતમાં ભલે વિરલ હોય પણ છે અને એવા લોકોજ સાચો સાત્વિક આનંદ મેળવી શકે છે. કોઈ કોઈ લોકો થોડુ કરી ખૂબ ઢોલ ત્રાંસા વગાડે અને લોકો આગળ પોતાની બડાઈ હાંકે જાય એવા માણસો થોડો પરોપકાર કરવા છતા સાચો આનંદ મેળવી શકતા નથી. અર્થાત્ પુણ્યનું પણ એમ જ છે. સ્વાર્થરહિત અને નિર્હેતુક જે સત્કાર્ય કરવામાં આવે છે તેજ કાર્ય પુણ્યની પંક્તિમાં દાખલ થાય છે. અને એ કરનારને સાચો આત્મિક આનંદ મળે છે. અને એનોજ આત્મા પોતે ઉંચુ સ્થાન મેળવી શકે છે. મોક્ષ મેળવવાનો એ એક સુલભ માર્ગ છે. એ માર્ગે જવુ હોય તો પારકાના દુઃખમાં ભાગિયા બનવું. અને પારકાના દુઃખને પોતાનુંજ ગણી તે દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવો એ આપણું કર્તવ્ય થઈ પડે છે. આપણા દુઃખમાં બીજાઓ પણ ભાગિયા છે એમ જાણવાથી દુખી માણસને આશ્વાસન મળે છે અને તેનું દુઃખ સુસહ્ય બને છે. આપણે સામાન્ય જગતનો દાખલો લઈએ. નાટકના શોખીનો એકાદ દુઃખપર્યવસાયી નાટક જુએ છે. અને તેના નાયક ઉપર દુખ આવી પડે છે ત્યારે નાટક જોનારાના આંખમાં પાણી આવે છે. અને તેને પોતાને જ જાણે દુઃખ ભોગવવુ પડયુ હોય એવી સ્થિતિ સરજાય છે. આંખે રૂમાલ લગાવી તે ભીની આંખો લુંછે છે. અને એ નાટક જોનારને એટલું ગમી જાય છે કે વારંવાર એ નાટક જોવા એ લલચાય છે. તેમાંના દુઃખદ પ્રસંગથી એને એક જાતની સમાધાનની સંવેદના થાય છે. પ્રસંગ બીજા ઉપર હોય છે છતાં પ્રેક્ષક એ પ્રસંગનો અનુભવ પોતે લ્યે છે. આત્માની સાચી ભાવના એનામાં ક્ષણવાર માટે પણ પ્રગટ થાય છે. એ દુઃખનો પ્રસંગ જો એને ગમતોજ ન હોય તો પ્રેક્ષક ત્યાંથી નિકળી ઘર ભેગો થઈ શકે. અને ફરી તે નાટક જોવા જાય જ નહીં. પણ એમ થતું નથી. પ્રેક્ષક એ દુઃખદ પ્રસંગ વારંવાર જોવા ઇચ્છે છે. કારણ એમાં એ એક જાતનો સાત્વિક આનંદનો અનુભવ કરે છે. નાટકમાં અનુભવાતું દુઃખ એ સાચુ હોતુ નથી. એતો જાણી જોઈને કૃત્રિમ તૈયાર કરેલ હોય છે એ પ્રેક્ષક પણ જાણે છે. છતાં એ દુખમાં ભાગિયા થવાનું

For Private And Personal Use Only

પ્રેક્ષકને મન થાય છે. અને અંતરનો આનંદ એ મેળવી લ્યે છે. ત્યારે આપણી સામે પ્રત્યક્ષ કોઈ દુઃખદ ઘટના થએલી હોય અને એમાં આપણા અંતરંગની સહાનુભૂતિ બતાવીએ, અને આપણે પોતા ઉપર સંકટ કે દુઃખ વ્હોરી લેઈ દુઃખી માણસનું દુઃખ ઓછુ કરીએ ત્યારે આપણને કેવો આનંદ મળે ? આપણા આત્મામાં કેવી ઉંચી કોટીની ભાવના જાગે ? આપણામાં કેવા સાત્વિક ગુણો વધે ? આપણું મન કેવુ કોમલ અને હળવુ થાય ? એવી પરિસ્થિતિમાં આપણને સુખનિદ્રા મળે ને ? આપણા મનને અને શરીરને પણ સાચુ સુખ મળે એમાં શંકા નથી. એટલા માટે જ અમો કહીએ છીએ કે, પારકાના દુઃખમાં આપણે સહભાગી થઈ આપણા આત્માને સાચો સુખી કરીએ. સુખનો અનુભવ થવા પહેલા દુઃખનો અનુભવ થયો હોય તો આપણું સુખ સાચુ આનંદદાયક થઇ પડે. સુભાષિતકાર કહે છે, **सुखानि दुःखान्यनुभूय शोभते । घनान्धकारेष्विव दीपदर्शनम् ।** એટલે અંધારૂ હોય ત્યારે જ દીવો શોભે. તેમજ દુઃખની પછી જ સુખનો સાચો અનુભવ મળે છે.

બીજાના દુઃખમાં સહાનુભૂતિ બતાવી પોતે બીજાના દુઃખમાં ભાગીઆ થનારા જગતમાં ઓછા જોવામાં આવે છે. પણ પારકાના દુઃખમાં વધારો કરનારા, નવા નવા સંકટો ઉત્પન્ન કરી પારકાના દુઃખમાં આનંદ માનનારા જગતમાં ડગલે ને પગલે જોવામાં આવે છે. કોઇનો કજીઓ થતો હોય અને એકાદ સાદી સમજ વાપરી તે કજીઓ મટતો હોય છતાં એ કજીઆને મોટુ રૂપ આપી કાગનો વાઘ કરનારાઓની સંખ્યા ઘણી મોટી જોવામાં આવે છે. કોઇના કાન ભંભેરી પરસ્પર માટે ગેરસમજુતીઓ કરી નવા કજીઆ લડાવવાની ઘણાઓને ટેવ પડી ગએલી હોય છે. અને આમ કજીઆ વધવાથી પોતે શેતાની આનંદ માનનારા મહાનુભાવોનો જગતમાં ટોટો નથી. એવા શેતાનોને શોધી કાઢવા પણ મુશ્કેલ હોય છે. કારણ એમણે ઉપરથી સાત્વિકભાવનો સ્વાંગ સજી અંદરખાને પોતાનું કાળુ કૃત્ય ચાલુ રાખેલુ હોય છે, તેમના મોઢે મીઠી અને ચંદન જેવી શીતલવાણી હોય છે અને તેમનું મન ઝેરથી ઉભરાતું હોય છે. તેઓ ઝેરીલા નાગની પેઠે ઉપરથી રૂપાળા અને સુંવાળા જણાય છે. અને તેમના દાંતમાં ઝેર ભરેલું હોય છે. એવા માણસો પોતાના કૃત્યને ચાતુરી અને હોંશીઆરી માને છે, પણ કાલાંતરે એમનો દંભસ્ફોટ એક દિવસ થઈ જ જાય છે.

આપણે જો સાચા સુખની ચાહના રાખતા હોઇએ તો આપણે કલહ અને કંકાસથી દૂર રહેવું જોઇએ. અને કલહના બીજો વિચારની આપલે કરી નષ્ટ કરવા જોઇએ. બીજાઓના વિચારોનો આપણા વિચારો સાથે મેળ નહીં આવતો હોય તો તે માટે આપણો મતભેદ જરૂર પ્રગટ કરવો જોઈએ. પણ તે માટે લડાઈ અને કંકાસ શા માટે કરવો જોઇએ ? બીજાઓને દષ્ટિબિંદુ આપણને માન્ય ન હોય છતાં તેના સાથે કલહ કેમ કરવો ? મતભેદ ભલે રહે પણ મનભેદ તો ટાળવોજ જોઇએ. બીજાના દુઃખથી આપણે દુઃખી થવાનું હોય ત્યારે આપણે બીજાના દુઃખને કારણભૂત થઇએ એ કેમ ચલાવી લેવાય ? પારકાના દુઃખમાં આપણે સહભાગી થઈ પારકાનું દુઃખ ઓછુ કરવું એ આપણી ફરજ છે. એ વિચારો બધાઓને ગમી જાય અને જગતમાં સંઘર્ષ અને કલહ ટળી બધા શાંતતા મેળવે એજ શુભેચ્છા !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્ણકો અને વર્ણનો

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

જૈન આગમોમાં જૈન ધર્મના સાચા, સચોટ અને સાંગોપાંગ સ્વરૂપનું નિરૂપણ હોય એ સ્વાભાવિક છે. આને લઇને એમાં જૈન દર્શનના તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાન્તોને તેમજ શ્રમણો અને શ્રમણોપાસકના આચારોને અગ્રસ્થાન અપાયું છે. આમ હોવાથી આગમોનો મોટો ભાગ દ્રવ્યાનુયોગ અને ચરણ કરણાનુયોગના આલેખનથી ઓતપ્રોત છે. દાર્શનિક મંતવ્યોનો વિશ્વરચના સાથે સંબંધ હોવાથી આગમોમાં ખગોળ, ભૂગોળ અને ગણિતને લગતી કેટલીક હકીકતો જોવાય છે. આમ એમાં ગણિતાનુયોગને પણ ગૂંથી લેવાયો છે. ભવ્ય જીવોને સન્માર્ગનો બોધ કરાવવા માટે—એનો ઉપદેશ આપવા માટે આગમોની યોજના થઈ હોવાથી એમાં પ્રસંગોપાત મહાપુરુષોનાં ચરિત્રો રજૂ કરાયાં છે અને એ રીતે કથાનુયોગને યથાયોગ્ય ન્યાય અપાયો છે. મોટે ભાગે આ કથાનુયોગની સામગ્રી વર્ણકો અને વર્ણનોથી વિભૂષિત જોવાય છે.

જૈન આગમો જે સ્વરૂપે રચાયા હતા તે જ સ્વરૂપમાં સંપૂર્ણપણે આજે ઉપલબ્ધ નથી. અત્યારે તો એ આગમોને પુસ્તકારૂઢ કરાયા તે સમયનું એનું સંસ્કરણ જોવા જાણવાનો લાભ મળે તેવી સામગ્રી મોટે ભાગે મોજૂદ છે, પરંતુ પૂરેપૂરી સમીક્ષાત્મક પદ્ધતિએ હજી સુધી તો પૂરતા પ્રમાણમાં આગમો પ્રકાશિત થયા નથી, જો કે હવે એ કાર્ય માટે પ્રયાસ ચાલુ થયો છે. એટલે આશા છે કે પ્રત્યેક આગમના પ્રારંભમાં વિશિષ્ટ પ્રસ્તાવના અને અંતમાં શબ્દકોષ અપાશે તેમજ એ આગમના સાંસ્કૃતિક અધ્યયનના નિષ્કર્ષરૂપ સામગ્રી જુદી તરી આવે એ રીતે એની યોજના કરાશે.

આગમોના પુસ્તકારોહણના સમયે એના પ્રથમાદર્શ તૈયાર કરતી વેળાએ એ કાર્ય સત્વર અને સમુચિત રીતે કેમ કરવું તે વિચારાયું હશે અને ત્યારબાદ એ કાર્ય હાથ ધરાયું હશે —એમ ઉપલબ્ધ આગમોમાં જાવ, જહા, અંક અને વણઅના ઉલ્લેખ જોતાં જણાય છે. આ ચારે જાતના ઉલ્લેખો **ઉવાસગદસા**માં નજરે પડે છે.

તીર્થંકર, શ્રમણ, રાજા, નગર, ચૈત્ય ઇત્યાદિનાં વર્ણન ફરીથી એક કે વધારે વાર રજૂ કરવાના પ્રસંગો પ્રાપ્ત થતાં, આગમોના પ્રણેતાઓએ નીચે મુજબના કોઈ એક વિકલ્પનું કે અન્ય જ કોઇનું અને તેમ હોય તો તે કયું તે જાણવા માટે હજુ સુધી તો કોઈ સાધન મળી આવ્યું નથી:—

(૧) નવેસરથી અન્ય વર્ણન કરવું. જો આ વિકલ્પ સાચો હોય તો ધર્મપ્રધાન આગમોમાં આવાં વર્ણનો ખાસ ઉપયોગી નહિ જણાયાથી શું આગળ ઉપર એ જતા કરાયા હશે?

(૨) પહેલાં કરેલા વર્ણનમાં યથાયોગ્ય પરિવર્તન કરી વર્ણન કરવું.

(૩) પહેલાં કરેલા વર્ણનને બંધબેસતું કરવાની ભલામણ કરવી પરંતુ એવું વર્ણન તૈયાર ન કરી આપવું.

(૪) પહેલાં કરેલું વર્ણન કશા ફેરફાર વિના રજૂ કરવું.

(૫) પહેલાં કરેલું વર્ણન રજૂ ન કરતાં તે જ જોવાની ભલામણ કરવી.

ઉપલબ્ધ આગમોમાં તો ફરીથી મૂળ કે ખાસ પરિવર્તનપૂર્વકનું વર્ણન ન આપતાં પહેલાંનું વર્ણન જોવાનું સૂચન કરાયેલું જોવાય છે. આવું કોઈ કોઇ વર્ણન બરાબર બંધબેસતું અન્યત્ર નથી હોતું એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડૉ. પી. એલ. વૈદ્યે **ઉવાસગદસા**નાં ટિપ્પણો ( પૃ. ૨૦૫ )માં સૂચવ્યું છે. જો આ હકીકત યથાર્થ હોય તે માટે "વણ્ણઓ" છપાવનારે કે એના સંપાદકે યોગ્ય નોંધ કરવી જોઇએ.

'વણ્ણઅ' ( સં. વર્ણક ) એટલે બીબાંઢાળ વર્ણન એવો એનો અર્થ કરાય છે. આને અંગ્રેજીમાં Stereotyped description તેમજ clide પણ કહે છે. આગમો પાઇઅ (પ્રાકૃત)માં–અદ્ધમાગહી ( અર્ધમાગધી ) યાને આર્ષ પ્રાકૃતમાં રચાયેલા હોવાથી વણ્ણઅની ભાષા પણ એ જ છે. આગમોના સંસ્કૃતમાં વિવરણ કરનારા પોતપોતાના વિવરણમાં કોઇ કોઇવાર સમગ્ર 'વણ્ણઅ' રજૂ કરી તેનું સ્પષ્ટીકરણ કરે છે આથી વિવરણ વિના જો આગમ છપાવાયેલો હોય તો એ વણ્ણઅ માટે તપાસ કરવાની રહે છે. કહેવાનું કે અન્ય આગમ જોવાની જરૂર પડે છે. આથી 'વણ્ણઅ' એક પુસ્તકરૂપે પ્રસિદ્ધ થવા ઘટે જેથી આ મુશ્કેલી દૂર થાય. સાથે સાથે વણ્ણઅનું સંસ્કૃત વિવરણ હોય તો તે છપાવવું જોઇએ અને તેમ ન બને તો એમાંના દુર્ગમ શબ્દોનાં વિવરણમાંથી મળી આવતાં સંસ્કૃત સમીકરણો અપાવાં જોઇએ, વળી વણ્ણઅનું ગુજરાતી અને ખાસ કરીને તો અંગ્રેજી ભાષાંતર રજૂ થવું ઘટે. વિશેષમાં 'વણ્ણઅ'ને અનુરૂપ ચિત્ર તૈયાર કરાવાય અને તે પણ અપાય તો તે અધિક લાભદાયક બને. વળી આવા પુસ્તકના અંતમાં સાંસ્કૃતિક અધ્યયન માટે ઉપયોગી થઈ પડે એવી સામગ્રીની સૂચી અપાવી જોઈએ. 'વણ્ણઅ'થી સૂચિત વર્ણન કવિની કુશલતાનું દ્યોતન કરતું હોવાથી એ કાવ્યરસિકોને આનંદદાયક થઈ પડે તેમ છે. આથી પણ 'વણ્ણઅ' એકત્રિત કરી એ સંગ્રહ પ્રસિદ્ધ કરાવો જોઈએ.

'પઇણ્ણગ' તરીકે ઓળખાવાતા આગમો પૈકી કેટલાક-દા. ત.

**તિત્થોગાલી** અદ્યાપિ અપ્રકાશિત છે. એમાં 'વણ્ણઅ' હોવાનો સંભવ નથી એટલે એ વાત બાજુએ રખાય તો પણ પ્રકાશિત તમામ આગમો મારી સામે નથી એટલે ખૂટતા આગમો મેળવી એ બધા તપાસી જવા માટે અત્યારે અનુકૂળતા નથી આથી વણ્ણઅની કામચલાઉ સૂચી રજૂ કરી સંતોષ માનવો પડે છે. આ સૂચી હું રજૂ કરું તે પૂર્વે એ વાત નોંધીશ કે વણ્ણઅના નીચે મુજબ ત્રણ પ્રકાર જોવાય છે અને એ હિસાબે એના ત્રણ વર્ગ પડે છે:—

(૧) જેનું વર્ણન અપાવું જોઇએ પણ અપાયું નથી તે વર્ણ્ય વર્ણ્યના ઉલ્લેખ પછી 'વણ્ણઓ' શબ્દનો પ્રયોગ કરી જેમાં દર્શાવાયું છે તે. 'વણ્ણઅ.' દા૦ ત૦ **નાયાધમ્મ કહા** (સુય૦ ૧, અ. ૧, સુત્ત ૧ )માંની પંક્તિ નામે "**चम्पा नामं नगरी होत्था वण्णओ ।**"

(૨) વર્ણ્યનું વર્ણન ન આપતાં વર્ણનગત શરૂઆતના એકાદ બે શબ્દો તેમજ અંતમાંનો એકાદેક શબ્દ આપી અને એ બેની વચ્ચેના ખૂટતા શબ્દો ન આપતાં 'જાવ'નો પ્રયોગ કરી સૂચવાયેલ 'વણ્ણઅ' દા. ત. **ઉવાસગદસા** ( અ. ૧ )માં "**महावीरेण जाव सम्पत्तेण**" ૨.

(૩) વર્ણ્યનું વર્ણન ન આપતાં એ માટે 'જહા' શબ્દ કહી એ વર્ણનનું સૂચન કરતું 'વણ્ણઅ' દા. ત. **ઉવાસગદસા**માં "**जहा पूराणो**" તેમજ **નાયાધમ્મ કહા** ( સુય. ૧, અ. ૯, સુ. ૮૧)માં "**जहा तेयनिसग्गे**"[૪] આમ જે વણ્ણઅના ત્રણ વર્ગ પડે છે તેને લગતી એકેક સૂચી નીચે મુજબ છે:—

---

૪ 'તેયનિસગ્ગ'થી અભયદેવસૂરિએ **ગોશાલકચરિત**નો ઉલ્લેખ કર્યો.

૧ વર્ણન યોગ્ય સચેતન કે અચેતન પદાર્થ.

૨ આ વણ્ણઅમાં વિભક્તિ પૂરતું પરિવર્તન કરવાનું છે.

૩ પૂરણનું વર્ણન, **વિવાહપણ્ણત્તિ** ( સ ૩, ઉ. ૨ )માં નથી, પરંતુ ત્યાં તો શ. ૧, ઉ. ૧માંના તામલિ તાપસનું વર્ણન જોવાની ભલામણ છે તો અહીં પૂરણને બદલે તામલિનો ઉલ્લેખ કરાયો હોત તો કેમ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### [ ૧ ] वण्णओ

| વિષય | આગમ |
|---|---|
| નગરી ... ... ... | ઓવવાઇય ( સુત્ત ૧, પ્રો. સુરુની આવૃત્તિ ) |
| [૧] ચૈત્ય ... ... .... | ,, ( સુત્ત ૨ ) |
| રાજા ... .... ... | ,, ( સુત્ત ૧૧ ) |
| રાણી ... ... ... | ,, ( સુત્ત ૧૨ ) |
| ઉધાન | ? |

ઉધાન માટે **વિવાગસૂય**માં ઉલ્લેખ છે.

### [ ૨ ] जाव

| વર્ણ્ય | 'જાવ' કયાં છે? | સંપૂર્ણ ઉલ્લેખવાળો આગમ |
|---|---|---|
| જંબૂસ્વામી ... | ઉવાસગદસા ( કંડિકા ૨ ) ... | નાયા ધમ્મકહા ( સુયક્ખંધ ૧, અજ્ઝયણ ૧, સુત્ત ૫ ) |
| [૨] મહાવીરસ્વામી | ,, ( કંડિકા ૨ ) .... | ઓવવાઇય ( સુત્ત ૧૬ ) |
| પર્ષદા—ધર્મકથા | ,, ( કંડિકા ૧૧ ) ... | ,, ( સુત્ત ૫૬ અને ૫૭ ) |
| [૩] રથ ... | ,, ( કંડિકા ૫૯ ) | વિવાહપણ્ણત્તિ (સયગ ૯, ઉદ્દેસગ ૩૩, સુત્ત ૩૮૦) |
| પ્રભાત ... | ,, ( કંડિકા ૬૬ ) | નાયાધમ્મકહા ( સુય ૧, અ ૧, સુત્ત ૧૨ ) |
| દેવ ( અસુરકુમાર ) | ,, ( કંડિકા ૧૧૨) | ઓળવાઇય ( સુત્ત ૩૩ ) |
| શક્ર ... | ,, ( કંડિકા ૧૧૩ ) | વિવાહપણ્ણત્તિ (સ. ૩, ઉ. ૨, સુત્ત ૧૪૪ ) |
| તરુણ ... | ,, ( કંડિકા ૨૧૯ ) | ? |
| દીક્ષિત ... | ,, ( કંડિકા ૨૧૦ ) | ? |

### [ ૩ ] जहा

| વર્ણ્ય | દૃષ્ટાન્ત | આગમ |
|---|---|---|
| પૂરણ | તામલિ | વિવાહપણ્ણત્તિ ( સ૦ ૩, ઉ. ૧ સુત્તં ૧૩૪-૫ ) |
| પ્રાતિહાન | મહાબલ | ,, ( સ. ૧૧, ઉ. ૧૧, સુત્ત ૪૩૦ ) |
| [૪] આનન્દ | પૂરણ | ,, ( સ. ૩, ઉ. ૨, સુત્ત ૧૪૪ ) |
| [૫] વિધાન ( ઈશાનાવતંસ ) | સૂર્યાભદેવનું વિમાન | રાયપ્પસેણઈજ્જ ( સુત્ત ૨૭ ) |
| [૬] નાટ્યવિધિ ( ૩૨ પ્રકાર ) | ,, | ,, ( સુત્ત ૨૪ ) |

---

૧ આમાં 'અશોક' વૃક્ષ અને પૃથ્વીશિલાપટ્ટકનું જે વર્ણન **ઓવવાઇય**માં છે તે સમજી લેવું.

૨ એમના દેહનું, "નમુત્થુણં"માં આવતાં વિશેષણોપૂર્વકનું આ વર્ણન છે.

૩ આનું સંપૂર્ણ વર્ણન **ઉવાસગદસા** ( કંડિકા **૨૦૬** )માં અપાયું છે તેનું કેમ ?

૪ આનન્દ માટે **પૂરણ**ની ભલામણ કરાઈ પરંતુ એ **પૂરણ** માટે તો **તામલિ** તાપસની ભલામણ કરાઈ છે તો આનન્દ માટે સીધે સીધી **તામલિ**ની ભલામણ કેમ કરાઈ નહિ ?

૫-૬ આ બંને માટે **વિવાહપણ્ણત્તિ** ( સ. ૩, ઉ. ૧, સુત્ત ૧૩૪ )માં **રાયપ્પસેણઈજ્જ** જોવાની ભલામણ કરાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સંતુલન**—જૈન આગમોમાં જેમ વણ્ણઅ છે તેમ પ્રો૦ **વિન્તર્નિત્સ**ના [૧]કથન મુજબ [૨]સર્વાસ્તિવાદીઓના આગમમાં તેમજ **દિનેશચંદ્રસેન** વગેરેનાં બંગાળી કાવ્યોમાં પણ છે.

આગમોમાં એવાં પણ કેટલાંક વિશિષ્ટ વર્ણનો છે કે જેનો ફરીથી સીધેસીધો ઉપયોગ કરવો નથી કે કરવાનું સૂચન પણ જણાતું નથી પરંતુ જે સાહિત્યાદિની દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.[1] આ વર્ણનોની સંપૂર્ણ સૂચી અત્યારે તૈયાર થઇ શકે તેમ ન હોવાથી આવાં કેટલાંક વર્ણનો હું નોંધું છું:—

| વિષય | આગમ |
|---|---|
| વીરસ્તુતિ | સૂયગડ ( સુયકખંધ ૧, અજ્ઝયણ ૬ ) |
| ચમર ઇન્દ્રનો ઉત્પાત | વિવાહપણ્ણત્તિ ( સ. ૩, ઉ. ૨, સુત્ત ૧૪૪ ) |
| નિષ્ક્રમણ ( જયાલિનું ) | ,, ( સ. ૯, ઉ. ૩૩, સુત્ત ૩૮૫ ) |
| અભયકુમાર મંત્રી | નાયાધમ્મકહા ( સુય. ૧, અ. ૧, સુત્ત ૭ ) |
| [૨] પ્રાસાદ | ,, ( સુય. ૧, અ. ૧, સુત્ત ૧૯ ) |
| ધારિણીનું શયનગૃહ | ,, ( સુય. ૧, અ. ૧, સુત્ત ૯ ) |
| સ્વયંવર | ,, ( સુય. ૧, અ. ૧૬ સુત્ત ૧૧૭ ૧૨૦ ) |
| નારદ | ,, ( સુય. ૧, અ. ૧૬, સુત્ત ૧૨૨ ) |
| વ્યાયામશાળા | ,, ( સુય. ૧, અ. ૧, સુત્ત ૧૩ ) |
| શ્રેણિકનું સ્નાનગૃહ | ,, ( ,, ,, ,, ) |
| શ્રેણિકનો શણગાર | ,, ( ,, ,, ,, ) |
| મેઘ ( દોહદ ) | ,, ( ,, ,, ,, ) |
| પિશાચ | ,, ( સુય. ૧, અ. ૯, સુત્ત ૬૯ ) |
| સમુદ્રયાત્રા | ,, (સુય. ૧, અ. ૯, સુત્ત ૬૯ ) |
| નૌકાભંગ | ,, (સુય. ૧, અ. ૯, સુત્ત ૮૦ ) |
| ૭ ઋતુ | ,, (સુય. ૧, અ. ૯, સુત્ત ૮૧ ) |
| પિશાચ | ઉવાસગદસા ( અ. ૨, કંડિકા ૯૪ ) |
| હાથી | ,, (અ. ૨, કંડિકા ૧૦૧ ) |
| [૩] સર્પ | ,, (અ. ૨ કંડિકા ૧૦૭) |
| રથ | ,, (અ. ૭, ,, ૨૦૬ ) |
| ધન્ય અનગાર | અણુત્તરોવવાઇયદસ ( વગ્ગ ૩, સુત્ત ૩ ) |
| મણિકા ( કામધ્વજા ) | વિવાગસુય ( સુય. ૧, અ. ૨, સુત્ત ૮ ) |
| બંદીખાનાનો વ્યવસ્થાપક ( Jailor ) | ,, ( સુય. ૧, અ. ૬, સુત્ત ૨૪-૨૫ ) |

૧ જુઓ A History of the Indian Liter ture ( Vol. II, p. 450, fn. 3 તેમજ p. 585, fn. ).

૨ આ બૌદ્ધોનો એક ફિરકો છે.

૧. આમ કોઈ આ વર્ણનો પણ 'વણ્ણઅ'ની જેમ અને બને ત્યાં સુધી એની સાથે જ પ્રકાશિત કરાવાં જોઇએ. ૨ આનું વર્ણન **રાય** (સુત્ત ૨૭ )માંના પ્રેક્ષાગૃહના વર્ણનને મળતું આવે છે. ૩. 'દૃષ્ટિવિષ' સર્પનું વર્ણન **વિવાહ** (સ. ૧૫. ઉ. ૫૪૭ )માં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| વરઘોડો ( નેમિનાથનો ) | ઉત્તરજ્ઝયણ ( અ. ૨૨, શ્લો. ૯–૧૩ ) |
| અપ્સરાઓ | ઓવવાઇય ( સુત્ત ૩૮ ) |
| શક્ર અને એનાં આભૂષણો | પજ્જોસવણાકપ્પ ( સુત્ત ૧૩ ) |
| ત્રિશલાનું શયનગૃહ | ,, ( સુત્ત ૩૩ ) |
| ચૌદ સ્વપ્ન ( હાથી વગેરે ) | ,, ( ,, ૩૩–૪૬ |
| ઉપસ્થાનશાલા ( કચેરી ) | ,, ( ,, ૫૮ ) |
| પ્રભાત | ,, ( ,, ૬૦ ) |
| વ્યાયામ | ,, ( ,, ૬૧ ) |
| સ્નાનગૃહ અને આભૂષણો ( સિદ્ધાર્થ ) | ,, ( ,, ૬૨ ) |
| પુત્ર જન્મનો ઉત્સવ | ,, ( ,, ૧૦૦ ) |
| સ્થિતિપતિતા ( દસ દિવસની ) | ,, ( ,, ૧૦૧ ) |
| લોકાન્તિકોની ઉક્તિ | , ( ,, ૧૧૨ ) |
| નિષ્ક્રમણ ( મહાવીરસ્વામીનું ) | ,, ( ,, ૧૧૩ ) |
| મહાવીરસ્વામીની અનગાર તરીકેની સ્તુતિ | ,, ( ,, ૧૧૬ ) |

સિદ્ધાયતન જીવ vaidya's III, 2. 137ff. જીવાજીવાભિગમ ( ૩, ૨, ૧૩૭ ઈ. )

ચૈત્યસ્તૂપ con p 52 ff. રાયપ્પસેણઇજ્જ રાયપ્પસેણઇજ્જ

પજ્જોસવણામાંનાં કેટલાંક વર્ણનો અન્ય આગમોમાં એક યા બીજી રીતે દૃષ્ટિગોચર થાય છે તો પછી એ માટે 'વણ્ણઅ', 'જાવ' કે 'જહા'નો ઉપયોગ કેમ કરાયો નથી ?

ઉપર્યુક્ત 'વણ્ણઅ' અને વર્ણનો એક સાથે છપાવનાર –એક જ પુસ્તકરૂપે પ્રકાશિત કરનાર જો નિમ્નલિખિત ચાર બાબતોને પણ સ્થાન આપે તો એ પુસ્તકની ઉપયોગિતા અને મહત્તાયાં વૃદ્ધિ થાય તેમ છે:–

(૧) આગમોમાં સંસ્કૃત વિવરણો માં આવતાં વિશિષ્ટ વર્ણનો. દા. ત. **વિવાહપણ્ણત્તિ** (સ. ૧ ના અભયદેવસૂરિકૃત વિવરણની લગભગ શરૂઆતના ભાગમાં પંચમાંગને જયકુંજર હાથીની ઉપમા આપી એ હાથીનું કરાયેલું વર્ણન તેમજ અંતરદ્વીપોનાં નર અને નારીનાં પણ્ણવણાની મલયગિરિ-સૂરિકૃત વૃત્તિમાંનાં વર્ણનો.

(૨) કેટલીક નામાવલીઓ. આના સ્પષ્ટીકરણાર્થે હું હાલ તુરત નીચેની ગણાવું છું.

| | |
|---|---|
| સોળ રોગો | નાયાધમ્મકહા ( સુય. ૧, અ. ૧, સુત્ત ૧૬ ) |
| ,, રોગો | ,, ( સુય. ૧, અ. ૧, સુત્ત ૯૪ ) |
| બોત્તેર કળાઓ | ,, (સુય. ૧, અ. ૧, સુત્ત ૧૮ ) |
| માટીનાં નવ વાસણો | ,, ઉવાસગદસા ( અ. ૭, કંડિકા ૧૮૪) |
| બાર વાદ્યો | નન્દીસુત્તની ચુણ્ણિ (ચૂર્ણિ)નું પત્ર ૧ |

(૩) લગભગ સમાનાર્થક શબ્દાવલીઓ. જેમકે **आइक्खइ** ૪ ( ઉવાસગદસા, કંડિકા ૭૯ )

(૪) સમૂહાત્મક પદાવલી, જેમકે **असणं** ૪, **पुप्फ** ૫ અને **आलम्बन नं**. ૪. આ ત્રણે માટે જુઓ **ઉપાસગદશા** ( કંડિકા ૬૬ )

---

૧ આની હરિભદ્રસૂરિકૃત ટીકામાં તેમજ મલયગિરિસૂરિકૃત ટીકામાં પણ લગભગ આ જ ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ પ્રાપ્તિ અને ઉન્નતિનો માર્ગ

લેખક : કેદારનાથજી

મારો એ પ્રયત્ન છે કે મારૂં જીવન શુદ્ધ થાય અને હું બીજાઓનું જીવન શુદ્ધ બનાવવામાં સહાયક થાઉં. આપણું દરેક કાર્ય શુદ્ધ થાય અને નિર્દોષ થાય. વિશુદ્ધિ અને નિર્દોષ કર્મ એ આપણું સાધન છે. અને જીવનશુદ્ધિ એ સાધ્ય છે. એટલા માટે શુદ્ધ સાધ્ય માટે સાધના પણ વિશુદ્ધ અને નિર્દોષ જ હોવી જોઇએ. અને એથી દરેક વ્યક્તિએ એ જોવું જોઇએ કે એના દ્વારા થનારૂં કર્મ યોગ્ય છે યા નહીં. ભાવના શુદ્ધ હોય એટલું પૂરતું નથી, પરંતુ તેને અનુરૂપ કર્મ કરતા રહેવાથી જ કર્મમાં શુદ્ધિ આવે છે.

ક્રિયા તો નાનું બાળક અને માનવેત્તર પ્રાણી પણ કરે છે પરંતુ એ કર્મ નથી હોતું. ક્રિયા કર્મ રૂપમાં ત્યારે પરિણત થાય છે જ્યારે તે વિચારપૂર્વક કરવામાં આવી હોય. કર્મ તો બધાય કરે છે. એ દુષ્ટ કર્મ પણ થઈ શકે અને ઉત્તમ કર્મ પણ. સ્વાર્થ બુદ્ધિથી પણ કર્મ કરવામાં આવે છે અને પરમાર્થ બુદ્ધિથી પણ. પરંતુ એ કર્મ જ ધર્મ રૂપ હોય છે જેમાં બધાનું કલ્યાણ હોય. મનુષ્યની ઉન્નતિ ધર્મથી થાય છે, જે મનુષ્ય શુદ્ધ અને બધા માટે કલ્યાણપ્રદ હોય તેવું કર્મ કરશે તે જ આગળ વધશે. એની ઉન્નતિ થશે. ઉદારતાથી પોતાનું તો હિત થાય જ છે પરંતુ જો તે વિવેકપૂર્વક કરવામાં આવે તો જેના પર ઉપકાર કરવામાં આવે છે તેનું પણ હિત થાય છે. ઉદારતા શુદ્ધ બુદ્ધિથી અને વિવેકપૂર્વક કરવામાં આવે ત્યારે જ તે ધર્મ બને છે. આ જીવનશુદ્ધિ, ચિત્તશુદ્ધિ અથવા આત્મશુદ્ધિ છે. વિશુદ્ધ નિર્દોષ અને સર્વહિતકારી કર્મ જ ધર્મ છે.

## મનુષ્યની વૃત્તિ

મનુષ્યની વૃત્તિઓમાં શુદ્ધ-અશુદ્ધનું મિશ્રણ થાય છે. અનુચિત, ઉદાત્ત, હીન તથા ઉચ્ચ વૃત્તિઓનું મિશ્રણ રહે છે. એટલા માટે સંતો કહેતા હોય છે કે કર્મ કરીને એના પર વારંવાર વિચાર કરવો જોઇએ, અને કરેલાં કર્મ ફરીફરી કરતા રહેવું જોઇએ જેથી એ કર્મ સારાં અને નિર્દોષ બને-જેમ અક્ષર અને સારા અક્ષરમાં તફાવત હોય છે. વારંવાર અક્ષર લખવાની અને વારંવાર સારા અક્ષર લખવાનો પ્રયત્ન કરવાથી સારા અક્ષર સુંદર બની જાય છે. આ વાત કર્મોને પણ લાગુ પડે છે. વારંવાર સાવધાનીપૂર્વક કર્મ કરવાથી કર્મમાં કુશળતા આવે છે. જેમ કોઇ નવો શિખાઉ ચિત્રકાર ચિત્ર બનાવે છે પરંતુ એના ચિત્રમાં અને કુશળ ચિત્રકારના ઉત્તમ ચિત્રમાં ફરક હોય છે. કારણ કે કુશળ ચિત્રકારે એ કાર્ય વારંવાર કરીને કુશળતા પ્રાપ્ત કરી છે. એટલા માટે સંતોએ કહ્યું છે કે કર્મ કરવાથી કુશળતા પ્રાપ્ત થાય છે. ધ્યાન લાગવા માંડે છે. ભણવામાં પણ એમ જ થાય છે કોઈ એક પુસ્તક એક વાર વાંચવાથી તેનો સંપૂર્ણ આશય ધ્યાનમાં નથી આવતો.

કર્મોનો સમૂહ મળીને જ જીવન થાય છે. આપણું એક કર્મ શુદ્ધ, સારૂં અને નિર્દોષ બને તો આપણું જીવન પણ શુદ્ધ થશે. જેમ ૧૦૦ નયા પૈસા મળીને રૂપિયો થાય છે અને એક એક નયા પૈસાનો હિસાબ રાખીએ ત્યારે જ રૂપિયાનો હિસાબ રાખી શકાય છે.

## બધા મળીને કામ કરીએ

કોઇ પણ વ્યક્તિ એકલી કામ કરતી હોય છે તો તેની ગતિ મંદ હોય છે, પરંતુ જો બધા લોકો મળીને કરીએ તો એમાં વિશેષ ગતિ આવે છે. એક વ્યક્તિના

( અનુસંધાન—ટાઈટલ પેજ ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલવામાં અને સેના ચાલવામાં ફરક હોય છે. એમાં વ્યવસ્થિતપણું, અનુશાસન અને વેગ હોય છે. એટલા માટે હું કહું છું કે સંગઠન જોઇએ. સામૂહિક ભાવ જોઇએ. સામુદાયિક ભાવથી જ જો ચાલશું તો સાથે સાથે ચાલી શકીશું. આપણે ચાલવામાં ગતિ પણ આવશે. જેમ એક છોકરો ઘરમાં રહીને ભણે અને નિશાળમાં જાય તેમાં ફરક છે. કોઇ વ્યક્તિ એકલો વ્યાયામ કરે અને વ્યાયામશાળામાં જઇને વ્યાયામ કરે તેમાં ફરક છે. સામુદાયિક રૂપમાં કામ કરવાથી શક્તિ વધે છે. સમુદાય બળ છે. એક છોકરો અંધારામાં નથી જઈ શક્તો પણ બે સાથે હોવાથી અંધારામાં નિર્ભયતાપૂર્વક જાય છે. આપણે સાથે મળીને કામ કરીએ તો શક્તિ વધે છે. મદદ થઈ શકે છે. એક બીજાને પ્રેમભાવથી ત્રુટિ બતાવી શકાય છે. એથી પરસ્પર લાભ થાય છે.

દરેક વ્યક્તિમાં કંઇ ને કંઈ વિશેષતા હોય છે. બધી વિશેષતાઓ હોતી નથી; પરંતુ સાથે રહેવાથી એક બીજાની વિશેષતાનો એક બીજાને લાભ મળે છે. જેમ એક ઘરમાં એક ભાઇ ડોકટર, એક વકીલ, એક શિક્ષક અને એક વ્યાપારી છે. તે બધાની વિશેષતા એક જ કુટુંબમાં હોવાથી લાભ મળે છે.

## કયા કાર્યક્રમને અપનાવીએ

આપણે બધા મળીને અહીં વિચાર કરીએ છીએ કે આપણા બધામાં શુદ્ધિ આવે, પરંતુ એને માટે કયો રસ્તો છે? કયા કાર્યક્રમને આપણે અપનાવીએ? મારી દૃષ્ટિમાં આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ એ માનવા લાગે કે મેં જે કંઇ મેળવ્યું છે તે મારૂં એકલાનું નથી. પરંતુ સમસ્ત સમાજનું છે તો આ સમસ્યા ઘણી ઉકલી જાય, કારણ મનુષ્ય એકલું રહેવાવાળું પ્રાણી નથી. એ સમાજમાં રહે છે અને સમાજિક પ્રાણી છે. એટલા માટે તે જે કંઇ કમાય છે તે તેનું એકલાનું નથી, પરંતુ સમાજનું છે. હું મારા માટે અને મારા ઉપર આધાર રાખનારાઓ માટે જેટલું આવશ્યક હોય તેટલું જ લઉં. એનાથી અધિક લેવું તે ન્યાયદૃષ્ટિથી યોગ્ય નથી. મહેનત કરવાવાળો તેનું મહેનતાણું લે—તેથી ઝાઝું લેવું એ ચોરી છે. કારણ કે જે ચીજની બીજાને જરૂર છે એનો આગળ પર કોઇ વાર પોતાને, પોતાના સંતાનને કે આત્મીયજનોને કામ આવશે એટલા માટે સંગ્રહ કરી રાખવો એ દ્રોહ છે. એટલા માટે આપણે જરૂરી હોય તેટલું રાખીને બાકી સમાજને આવી દેવું જોઇએ.

## સાચું સુખ બીજાઓને દેવામાં છે

પરંતુ આજે તો સમાજમાં પૈસા કમાવની જ હોડ ચાલી છે. લોકો જરૂરત માટે જ નહીં પરંતુ મોજ—શોખ અને દેખાવમાં ખર્ચ વધારે છે. સારી વાતમાં હરીફાઇ કરતા નથી, પરંતુ ખરાબ વાતમાં, મૂર્ખાઈમાં હરીફાઇ કરે છે. દરેક વ્યક્તિ દેખાવ પાછળ આજે નિરર્થક ખર્ચ કરી રહી છે. એના માટે એને પૈસા કમાવા પડે છે ઠગબાજી કરવી પડે છે. બીજાઓનું શોષણ કરવું પડે છે. એમાં સાચું સુખ નથી. સાચું સુખ બીજાઓને દેવામાં છે; પરંતુ આપણને તો ઢંગ બેઢંગથી કમાવાની અને ખર્ચ કરવાની આદત પડી ગઈ છે. જો વિચાર કરીને કહીએ તો શું વાસ્તવમાં તેમાં સુખ છે? માલુમ પડશે કે એનાથી ફક્ત આપણા મનની બેચેની દૂર થાય છે અને એ સુખ નથી. જેવી રીતે કોઈ મોહક ચીજ દેખીને બેચેના થઇ, તો આપણે તે ખરીદીને બેચેની દૂર કરી; પરંતુ જ્યારે એનાથી પણ વધુ સારી ચીજ જોવા મળે છે ત્યારે દૂર કરીને પ્રાપ્ત કરેલું સુખ ક્ષણિક થઇ જાય છે. જે બીડી પીતો નથી એને બેચેની નથી થતી; પણ બીડી પીવાવાળાને બીડી ન મળે તો બેચેની થાય છે. એજ વાત ભાંગ, ગાંજો, અફીણ, શરાબ વગેરેના વ્યસનોવાળાની છે. બેચેનીને મિટાડવી અને ફરી બેચેની વધારવી, આ ક્રમ ચાલુ રહે છે. ખુજલીને ખજવાળવાથી ખાજ મટતી નથી પણ વધતી જ જાય છે. આ જ હાલ નાના—મોટા તમામ વ્યસનોના છે જેણે પોતાની આદત, આવશ્યક્તાઓ વધુ વધારી લીધી છે એ સુખી છે જેણે આદતોને મર્યાદામાં રાખી છે તે સુખી છે?

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# મંગલવાણી

વીર પ્રત્યે મને પક્ષપાત નથી અને કપિલ આદિ પ્રત્યે મને દ્વેષ નથી. જેમનું વચન યુક્તિવાળું હોય તેનું જ સર્વથા ગ્રહણ કરવા યોગ્ય છે.

—શ્રી હરિભદ્રસૂરિજી

મોહનો ત્યાગ કરીને જે આત્મા સ્વયમેવ આત્મામાં આત્માને જાણે છે, તે જાણપણું જ તેનું ચારિત્ર છે, તેજ તેનું જ્ઞાન છે અને તેજ તેનું દર્શન છે.

—શ્રી હેમચંદ્રાચાર્ય

જન્મ જરા મરણે કહીએ, આ સંસાર અસાર તો,
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો;

—શ્રી વિનયવિજયજી

પુહવીને જે છત્ર પરે કરે, મેરુનો કરે દંડ રે,
તે પણ ગયા હાથ ઘસંતા, મૂકી સર્વ અખંડ રે;

—શ્રી રૂપવિજયજી

પરપરિણામિક્તા અછે, જે તુજ પુદ્ગલ ભોગ હો મિત્ત !
જડચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત !

—શ્રી દેવચંદ્રજી

શુદ્ધ ભાવને શૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી ?
ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી

—શ્રી યશોવિજયજી

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહિયેરે,
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેરે.

—શ્રી આનંદઘનજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only